બાળકો અને નવયુવાનો માટે

# હાદી
માસિક

જમાદીયુસ્સાની,
હી.સ.૧૪૩૪,
મે - ૨૦૧૩

અંક ૫૫







રૂ. 30/-

# વિણેલા મોતી

| | |
|---|---|
| પ્રશ્ચાતાપ (તૌબા) | - ગુનાહને ખાઈ જાય છે. |
| લાંચ | - ન્યાયને ખાઈ જાય છે. |
| ચુગલી | - સદકાર્યને ખાઈ જાય છે. |
| નેકી | - બદીને ખાઈ જાય છે. |
| ચિંતા | - જીવનને ખાઈ જાય છે. |
| ક્રોધ | - બુધ્ધિને ખાઈ જાય છે. |
| જુઠાણા | - આજીવીકાને ખાઈ જાય છે. |
| અભિમાન | - જ્ઞાનને ખાઈ જાય છે. |
| ન્યાય | - અત્યાચારને ખાઈ જાય છે. |
| સદકો | - મૃત્યુને ખાઈ જાય છે. |



بسم الله الرحمن الرحيم

## જમાદીયુસ્સાની, હીજરી સન ૧૪૩૪, મે - ૨૦૧૩


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

**વાર્ષિક લવાજમ**

**રૂા. ૩૦૦/-**


### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

**વહાલા બાળકો !** **અસ્સલામો અલયકુમ !**

આપણાં માટે આ માસ ખુશી અને શોક બંને સાથે લઈને આવે છે.

ઈસ્લામના ઈતિહાસની એનાથી મોટી કરૂણાંતિકા બીજી કઈ હોઈ શકે કે આપણા વહાલા નબીની અત્યંત પ્રિય એકમાત્ર અને એકલી – અટુલી પુત્રી પોતાના પિતાના અવસાન પછી કદી પોતાના મોઢા ઉપર સ્મિત લાવી શકી નહોતી, કોઈ ખુશીનો પ્રસંગ મનાવવો તો ઘણાં દૂરની વાત હતી પરંતુ તે દુઃખી મઝલૂમ પુત્રીએ એવી મુસીબતો પોતાના પિતાના અવસાન પછી ઉપાડી છે કે તેમણે દિવસને સંબોધીને કહ્યું છે કે “હે પ્રકાશિત દિવસ ! (મારા પિતાના અવસાન પછી) મારા ઉપર મુસીબતોના જે પહાડ તોડવામાં આવ્યાં તે મુસીબતોના પહાડો જો તારા ઉપર તોડવામાં આવ્યાં હોત તો તું અંધકારમય રાતની જેમ પ્રકાશહીન થઈ જાત અને તારા ઉપર સંપૂર્ણપણે અંધકાર છવાઈ જાત ! ”

આપનું મહાન વ્યક્તિત્વ તમામ સદ્ગુણોનો ભંડાર હતું. રસૂલે ખુદા પોતે આપને માન આપતાં હતાં. આપનું પવિત્ર જીવન આપણી કૌમની બાળકીઓ–માતાઓ–બહેનો અને પત્નિઓ માટે એક સર્વશ્રેષ્ઠ આદર્શ અને અનુકરણીય નમૂનો છે અને “ફિદક”ના પ્રકરણમાં આપે જે ભાગ ભજવ્યો છે તે આપણને બોધ આપે છે કે પોતાના અધિકારોની બાબતે અવાજ ઉઠાવવો જોઈએ.

તેથી આ માસમાં આપણે આપની મઝલૂમ શહાદતના પ્રસંગે મજલિસો અને માતમની વ્યવસ્થા કરીને અને આ માસમાં જ આપની વિલાદતના પ્રસંગે ખુશાલીની મહેફીલો યોજીને આપણી અહલેબૈત સાથેની મહોબ્બત પુરવાર કરવી જોઈએ.

પરંતુ ફક્ત રડવું અને ખુશી મનાવવી તેનાથી જ અજ્રે રિસાલત અદા થઈ જશે તેવું માની લેવાની રખેને ભૂલ કરતાં ! પરંતુ તેમણે જે આજ્ઞાઓ આપી છે, આપણી સમક્ષ જે આદર્શ રજુ કર્યો છે તેનું અનુકરણ કરવું તે જ “અજ્રે – રિસાલત” ની ખરી અદાયગી છે.

મારા વહાલા બાળકો ! નવા શૈક્ષણિક વરસનો પ્રારંભ થઈ રહ્યો છે. તમારે આ વરસે પણ પોતાની સંપૂર્ણ શક્તિઓ પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને વિદ્યા પ્રાપ્તિ પાછળ કામે લગાડી દેવાની છે. તમો અહલેબૈત અ.સ.ના વાસ્તાથી સંપૂર્ણ જોશ અને જુસ્સાથી નવા શૈક્ષણિક વરસનો પ્રારંભ કરજો. ઈન્શાઅલ્લાહ સફળતા તમારા પગ તળે હશે અને પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના સોપાન સર કરીને અને પોતાના કુટુંબીજનો અને કૌમનું નામ રોશન કરીને તમો તેમના માટે પ્રસન્નતા અને ગર્વનું કારણ બનજો.

**વસ્સલામ**



# ઈબાદતના ફાયદાઓ

★ ઈબાદત અને બંદગીએ રસૂલે ખુદાને મેઅરાજ ઉપર પહોંચાડયા હતાં. પવિત્ર અને પાક છે એ પરવરદિગાર કે જે પોતાના બંદાને રાતમાં જ મસ્જિદે હરામ (ખાનએ કાઅબા)થી મસ્જિદે અકસા સુધી લઈ ગયા (સૂરએ બની ઈસ્રાઈલ-આયત-૧)

★ ઈબાદત ફરિશ્તાઓના આગમનની ધોતક છે. અમે અમારા બંદા ઉપર (ફરિશ્તાઓ દ્વારા) વહી નાઝિલ કરી. (સૂરએ બકરાહ-આયત ૨૩)

★ ઈબાદતને કારણે મનુષ્યની દુઆ કબુલ થાય છે કેમકે નમાઝ ખુદા સાથે સંધી-કરાર છે. (સૂરએ યાસીન - આયત-૬૦-૬૧) અને જે પણ ખુદા સાથે કરેલ સંધી-કરાર પર કાયમ રહેશે તો ખુદાએ તઆલા પણ (તેની સાથે કરેલા) પોતાના સંધી-કરાર ઉપર કાયમ રહેશે. (સૂરએ - બકરાહ-આયત-૪૦)

★ ઈબાદત વગરનો મનુષ્ય નિર્જીવો અને પત્થરથી પણ બદતર છે. કેમકે કુરઆને



મજીદમાં છે કે “અલ્લાહની બીકને લીધે કેટલાંક પત્થરો તો જમીન પર પડી જાય છે, પરંતુ કેટલાંક લોકો (એવા બદતર હોય છે કે) આ જગત અને આખેરતના સર્જનહાર સમક્ષ પોતાની ગરદન પણ અક્કડ રાખે છે. (સૂરએ બકરાહ-૭૪)

★ ઈબાદત મનુષ્યના ઈરાદાઓ અને તેના વ્યક્તિવની ઓળખ છે. કેમકે મનુષ્ય અનુરાગ-લાલસા-મહેચ્છાઓથી ઘેરાએલો હોય છે તેથી જો તે અનુરાગ-લાલસા અને ઈચ્છાઓ-મહેચ્છાઓને ત્યાગી દે અને ખુદાનું સાંનિધ્ય પ્રાપ્ત કરી લે તો જ મહત્વ ધરાવે છે નહીં તો ફરિશ્તાઓ લાલસા અને ક્રોધ ધરાવતા હોતા નથી અને હંમેશા ઈબાદતમાંજ પરોવાએલા રહે છે.

★ ઈબાદત મનુષ્યના અસ્તિત્વના નાનકડા ટાપુને સમગ્ર સૃષ્ટીના કેન્દ્રબિન્દુથી જોડી દે છે

★ ઈબાદત - એટલે સમગ્ર સૃષ્ટીનું વિહંગાવલોકન.

★ ઈબાદત એટલે મનુષ્યના અંતરાત્મામાં ગુપ્ત રહેલ અલૌકિક અને આધ્યાત્મિક શક્તિઓનું સંવર્ધન.

★ ઈબાદત એક એવું સન્માન છે કે જે મનુષ્ય પોતાની મરજીથી



પોતાની મેળે મેળવી શકે છે.

★ ઈબાદત - ખુદા સાથે કરવામાં આવેલ કરારને તાજો કરે છે અને આધ્યાત્મિક જીવનને નવપલ્લવિત કરે છે.

★ ઈબાદત - ગુનાહના માર્ગમાં અડચણ છે અને ગુનાહની અસરને નષ્ટ કરી દે છે.

★ ઈબાદત આત્માના ખાલી પાત્રને ખુદાની યાદથી ભરી દેવું છે અને આ પાત્ર જો ખુદા સિવાય બીજા (ગૈર ખુદા)થી ભરેલુ હોય તો તે માનવતાના ઘરેણાં ઉપર અત્યાચાર છે.

★ ઈબાદતને કારણે ઈબાદતના સ્થળો (ઈબાદતગાહો)ને એટલું બધુ મહત્વ મળે છે કે ત્યાં પવિત્રતા વગર પ્રવેશનો પણ નિષેધ છે. દા.ત. મસ્જિદુલ-હરામ અને બયતુલ મુકદ્દસ

★ ઈબાદત અને ખુદાની બંદગી (સ્વયં) એક સન્માન છે. જો આપણી દુઆઓ અને હાજતો પૂરી ન થતી હોય તો પણ.

★ ઈબાદત ખુશાલીમાં પણ છે અને શોકમાં પણ છે. જ્યાં ખુદા રસૂલે અકરમ સ.અ.વ.ને "કૌસર" આપે છે ત્યાં નમાઝની તાકીદ પણ કરે છે. અમે તમને "ખૈર કસીર" આપ્યા તેથી (તમે) ખુદાની ઈબાદત (નમાઝ) અદા કરો (સુરએ કૌસર-૧) તેવી જ રીતે મુશ્કેલીઓમાં પણ નમાઝની તાકીદ કરવામાં આવી છે. સૂરએ બકરહ - આયત-૪૫.



## દુઆ કબુલ થવાની શરત

# ખુદાએ ચીંધેલા માર્ગને જ અપનાવવો

અલ્લાહની બારગાહમાં દુઆ કરતી વખતે પોતાને તુચ્છ ગણવું અને પોતાની જાતને તુચ્છ ગણવા માટે પણ એ પધ્ધતિઓ જ અપનાવવી જે અલ્લાહ-તબારક-વ-તઆલાએ ચીંધેલ છે.

રિવાયતમાં આવ્યું છે કે "બની ઈસ્રાઈલના એક વ્યક્તિએ ચાલીસ રાત્રીઓ સુધી અલ્લાહની ઈબાદત કરી અને તે પછી અલ્લાહની બારગાહમાં દુઆ ગુજારી પરંતુ તેની દુઆ કબુલ થઈ નહીં. તેથી તેણે ઈસા-બિન-મરયમ અ.સ.ને શિકાયત કરી. હઝરત ઈસા-બિન-મરયમ અ.સ.એ ખુદાની બારગાહમાં આ અંગે પૃચ્છા કરી તો પરવરદિગારે-આલમે ફરમાવ્યું "હે ઈસા ! તેણે મારી બારગાહમાં દુઆ જરૂર કરી છે પરંતુ તેના મનમાં તમારા વિશે શંકા કુશંકાઓ હતી." (કલેમતુલ્લાહ-હદીસ-૩૭૧)



# હઝરત ફાતેમા ઝહરા સલા.ની દયા-કૃપા

જ્યારે જનાબ ફાતેમા ઝેહરા સલા.ની શહાદત થઈ ગઈ ત્યારે ઉમ્મે અયમનએ સોગંદ લીધા કે હું હવે મદીનામાં નહી રહું. મદીનામાં હું તેમની ખાલી જગ્યા જોઈ શકીશ નહીં. તેથી તેઓએ મદીનાથી મક્કા ભણી પ્રયાણ કર્યો. માર્ગમાં તેમને ખુબ જ તરસ લાગી પરંતુ ત્યાં દુર દુર સુધી પાણીનું નામ-નિશાન દેખાતું નહોતું. દરેક રીતે નિરાશ થઈને ઉમ્મે અયમને બારગાહે ઈલાહીમાં હાથ





E-mail : hadimasik@yahoo.com

ફેલાવ્યા અને અરજ ગુજારી કે "હે ખુદા ! હું હઝરત ફાતેમા ઝહરા સલા.ની દાસી છું. શું તું મને તરસી રાખીને તરસી ને તરસી જ મારી નાંખશે ?"

ઉમ્મે અયમને જનાબ ફાતેમા ઝહરા સલા.ના વસીલાથી દુઆ માંગી હતી તેથી ખુદાવન્દે આલમે પાણીથી ભરેલું એક પાત્ર આકાશમાંથી નાઝિલ કર્યું. ઉમ્મે અયમને તે પાણી પેટ ભરીને પીધું. ઉમ્મે અયમન કહે છે કે તે પાણી પીધા પછી સાત વરસ સુધી તેમને કાંઈ ખાવા-પીવાની જરૂર પડી નહોતી. લોકો તેમને ધોમ ધખતા તાપમાં મજુરીએ મોકલતા પરંતુ તેમને કદીએ તરસ કે ભુખ લાગતી નહોતી. (મુન્તહીયુલ - આમાલ - પા.નં.૧૬૧)



# સૌથી સારો મિત્ર

મારા મિત્રએ કહ્યું : હું માફી માંગું છું... તે પછી તેણે મારી સૌથી સુંદર પેન મને બતાવી જેના બે ટુકડા થઈ ગયા હતાં. હું આ જોઈને ખુબ જ ગુસ્સે થઈ ગયો. મારા મિત્રએ આજીજી સાથે કહ્યું, "મારા મિત્ર ! મારો આવો કોઈ ઈરાદો નહોતો, પરંતુ.." પરંતુ હું તો તેની વાત સાંભળવા જ માંગતો નહોતો અને સીધો તેના ઉપર આરોપ મૂકી દીધો કે "તેં મારી સૌથી સુંદર પેન તોડી નાંખી છે." તે મિત્રે ફરીવાર કહ્યું "ભાઈ ! હું માફી માંગું છું. મેં જાણી જોઈને આવું કર્યું નથી."

પરંતુ મેં તેની એક પણ વાત સાંભળી જ નહીં અને ગુસ્સે થઈને તેની સાથે વાત કર્યા વગર મારા ઘરે પાછો આવી ગયો.



રાત્રે સુતી વખતે હું વિચારોના વમળમાં ખોવાઈ ગયો. "હે મારા દયાળુ ખુદા ! હું ખુબ જ અશાંત છું.

મારા આવા નિર્દયી વ્યવહારથી મારો મિત્ર પણ મારાથી વિમુખ થઈ ગયો હશે. મેં મારા એક સારા મિત્રને એક પેનના કારણે ગુમાવી દીધો છે.

ના હું એવું નહીં થવા દઉં ! કારણ કે વહાલા માઅસૂમ અ.સ.એ કહ્યું છે કે "પોતાના શત્રુને તમારી સાથે મિત્રતા કેળવવા હજાર તક આપો પરંતુ પોતાના મિત્રને એક પણ એવી તક ન આપો કે તે તમારો શત્રુ થઈ જાય."

મને ખાત્રી હતી કે તેણે જાણી જોઈને મારી પેન તોડી નહીં જ હોય. હે મારા પ્રિય અને કૃપાળુ ખુદા ! મને ક્ષમા આપ ! હું મારા તે ખરાબ વ્યવહારની માફી માગું છું અને હું સંકલ્પ કરૂં છું કે કાલે હું મારા તે મિત્ર પાસે જઈને તેને રાજી કરી લઈશ અને તેને માફ પણ કરી દઈશ."

હાદીના વહાલા મિત્રો ! આવો કોઈ પ્રસંગ તમારા પોતાના મિત્રો સાથે પણ બન્યો છે ? જો આવો કોઈ પ્રસંગ બન્યો હોય તો અમને તે વિષે જરૂર બતાવશો કે તમે પોતાના મિત્ર સાથે કેવો વ્યવહાર કર્યો હતો.





# તસ્બીહના

## ફાયદાઓ અને તેની અસર

**તસ્બીહે હઝરત ફાતેમા સલા. પઢવાના ઘણા ફાયદાઓ વર્ણવવામાં આવ્યા છે જે પૈકી કેટલાક નીચે મુજબ છે.**

**૧. આ તસ્બીહ એક હજાર રકઅત નમાઝથી બહેતર છે.**

ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે :- “દરરોજ-દરેક નમાઝ પછી હઝરત ફાતેમા ઝહરા સલા.ની તસ્બીહ પઢવી તે મારા માટે એક હજાર રકઅત નમાઝ પઢવાથી વધુ પ્રિય કાર્ય છે.”

**૨. બધા જ ગુનાહો માફ થઈ જાય છે.**

એક અન્ય સ્થળે ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ. ફરમાવ્યું છે કે “જે વ્યક્તિ વાજિબ નમાઝ પછી તસ્બીહે હઝરત ફાતેમા ઝહરા







E-mail : hadimasik@yahoo.com

સલા. પઢશે અને તે એવી સ્થિતિમાં હોય કે તેનો જમણો હાથ તેના ડાબા હાથ ઉપર હોય તે સ્થિતિમાં તે પોતાના જમણા હાથને ડાબા હાથ ઉપરથી ઉપાડે તે પહેલાં જ તેના તમામ ગુનાહ માફ કરી દેવામાં આવે છે."

૩. આ તસ્બીહ પઢવાવાળાઓની ગણત્રી "ઝિક્રે કસીર કરવાવાળાઓ" (એટલેકે જે લોકો અલ્લાહની યાદ ઘણાં વધારે પ્રમાણમાં સતત કરતાં હોય તેવા લોકો) માં થશે.

૪. એ લોકોમાં તેમની ગણત્રી થશે જે ખુદાને ઘણાં વધારે પ્રમાણમાં યાદ કરે છે.

ઈમામ જાઅફર સાદિક અ.સ.નો ફરમાન છે કે "જે વ્યક્તિ રાત્રે સુતા પહેલા હઝરત ફાતેમા ઝહરા સલા.ની તસ્બીહ પઢશે તેની ગણત્રી એવા પુરૂષો અને સ્ત્રીઓમાં થશે જેઓ અલ્લાહને ઘણાં મોટા પ્રમાણમાં યાદ કરે છે. કેમકે તેમણે આયત "વઝકુરલ્લાહ-ઝિકરન-કસીરા" (અર્થાત : અલ્લાહનો ઝીક્ર મોટા પ્રમાણમાં કરતા રહો.) ની આજ્ઞા પ્રમાણે અમલ કરેલો ગણાશે."







૫. કાનના રોગો અને પીડાદાયક રોગોથી રક્ષણ મળે છે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે “(આ તસ્બીહ પઢવાથી) શારીરીક રોગો ખાસ કરીને કાનના રોગો અને પીડાદાયક રોગોથી રક્ષણ મળે છે.”

૬. આ તસ્બીહ પઢવાવાળાઓની નેકીઓનું પલ્લું ભારે થઈ જાય છે. (ઈમામ જાઅફરે સાદિક અ.સ.)

૭. આ તસ્બીહથી ખુદાની ખુશ્નૂદી પ્રાપ્ત થાય છે. (ઈમામ મુહમ્મદ બાકીર અ.સ.)

૮. આ તસ્બીહથી શયતાન દુર થઈ જાય છે. (ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.)

૯. આ તસ્બીહને કારણે જન્નતમાં પ્રવેશ શકય બને છે. (ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.)

૧૦. આ તસ્બીહ દુર્ભાગ્યથી રક્ષણ આપે છે. (ઈમામ જાઅફરે સાદિક અ.સ.)

૧૧. સૂતા પહેલા આ તસ્બીહ પઢવાથી આખી રાત ઈબાદત કરી હોય તેટલો સવાબ મળે છે.





E-mail : hadimasik@yahoo.com



# અલીનો શીઆ

(હપ્તો ચોથો)

## શીઆઓના પ્રકાર :

**ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે :**

**અમારા શીઆઓ ત્રણ પ્રકારના હોય છે.**

(૧) અમારી સાથે પ્રેમ કરનાર અને અમારા મિત્રો. તેઓ અમારા પૈકીના હોય છે.

(૨) અમારૂં નામ લઈને પોતાના સુખ-ચેનમા રાચનાર. અમો તેમના માટે સુખ-ચેનમાં રાચવાનું એક સાધન માત્ર છીએ.

(૩) અમને આજીવિકાનું સાધન બનાવનારા (એટલે કે અમારા વસીલાથી ખુદાવન્દે આલમની બારગાહમાં આજીવિકાની યાચના કરવાવાળાઓ) અને જે અમને આજીવિકાનુ સાધન બનાવશે તે દરિદ્રતામાં જ સપડાએલો રહેશે. (ખાસઈલ હદીસ-૬૧)

## ★ ત્રણ સદ્‌ગુણો :-

એક રિવાયત પ્રમાણે ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ ફરમાવ્યુ છે કે અમારા શીઆઓ ત્રણ ગુણોને કારણે ઓળખાઈ જાય છે.

(૧) દાન વૃત્તિથી (દાનવીરતાથી)

(૨) પોતાના બંધુઓ સાથે દયા-કૃપા ભર્યો વર્તાવ કરવાથી.

(૩) દિવસ અને રાતમાં (કુલ) ૫૧ રકઅત નમાઝ અદા કરવાથી (તોહફતુલ ઉકૂલ)

# નારંગી



★ રિવાયતમાં છે કે ફળોમાં સર્વશ્રેષ્ઠ ફળ દાડમ અને નારંગી છે.

★ આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "નારંગી અવશ્ય ખાવાનું રાખો કેમકે તે મનને પ્રકાશિત કરે છે અને મગજની શક્તિને વધારે છે."

★ અબ્દુલ્લાહ-બિન-જાઅફરીએ કહ્યું છે કે "ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ મને પુછયું કે વૈદ્ય લોકો નારંગી વિશે શું કહે છે ? મેં કહ્યું" તેઓ નારંગીને ભોજન કરતા પહેલા ખાવાનું કહે છે. આપ અ.સ.એ ફરમાવ્યું : પરંતુ હું તમને લોકોને નારંગી ભોજન લીધા પછી ખાવાનું કહું છું. બીજી એક રિવાયતમાં છે કે "નારંગી ભોજન લેતા પહેલા ખાવી સારી છે પરંતુ ભોજન લીધા પછી ખાવી તે તો વધારે સારી (ફાયદાકારક) અને પ્રિય છે."

★ ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યુ છે કે "નારંગી ભોજન લીધા પછી ખાઓ કેમકે આલે મુહમ્મદ સ.અ.વ.ને એ પ્રિય છે."

★ ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું છે કે "નારંગી રાત્રે ન ખાવી જોઈએ કેમકે નારંગી રાત્રે ખાવાથી દ્રષ્ટી પ્રભાવિત થાય છે."

★ ઈમામ રિઝા અ.સ.એ. ફરમાવ્યું છે કે "સુકી રોટલી નારંગીને પચાવી દે છે."



★ અબુબસીર એ બ્યાન કર્યું છે કે "એક વખતે મારે ઘરે કેટલાંક મહેમાન આવ્યા હતાં. અમે બંન્નેએ મધ સાથે નારંગી ખાધી તે પછી ઈમામ સાદિક અ.સ.ની સેવામાં હાજર થયાં. ત્યાં પણ



ભોજન કરવા બેસવાની તૈયારી જ હતી. ઈમામ અ.સ.એ અમને પોતાની સાથે ભોજનમાં જોડાઈ જવા કહ્યું. મેં અરજ ગુજારી : "મૌલા ! આપની પાસે આવતા પહેલા અમે મધ સાથે નારંગી ખાધી છે અને વધારે પડતી જ ખાઈ લીધી છે. અમારું પેટ ભરેલું છે અને અત્યાર સુધી ભોજન પચ્યું પણ નથી." ઈમામ અ.સ.એ. પોતાના એક દાસને બોલાવીને કહ્યું : "ફલાણી દાસી પાસે જાઓ - ત્યાં તન્દુર પાસે સુકી રોટલી છે તે લઈ આવો" તે દાસ સૂકી રોટલી લઈ આવ્યો. તે પછી ઈમામ અ.સ.એ મને ફરમાવ્યું "આ થોડીક સુકી રોટલી ખાઈ લો. આ નારંગીને પચાવવા માટે અકસીર છે." મેં થોડીક સુકી રોટલી ખાઈ લીધી. થોડાક સમય પછી જ્યારે હું ત્યાંથી પરત આવવા રવાના થયો ત્યારે પેટના ભારેપણાની કોઈ અસર બાકી રહી નહોતી અને એવું લાગતું હતું કે જાણે કાંઈ ખાધુ જ ન હોય. ખાધેલું બધું પચી ગયું હતું."

★ નારંગીને ઈસ્લામી રિવાયતોથી ખુબ જ અગત્યનું ફળ ગણવામાં આવેલ છે અને તેના ઘણા લાભોનું વર્ણન છે. ઈમામ સાદિક ફરમાવે છે કે "આ એક સર્વશ્રેષ્ઠ ભોજન છે. અને અમે અમારા દર્દીઓનો એના વડે જ ઈલાજ કરીએ છીએ."

★ ઈમામ સાદિક અ.સ.એ. ફરમાવ્યું છે કે "મને નારંગી અને બનફશા (એક પ્રકારની જડી બુટી)થી વધારે બીજી કોઈ વસ્તુ પ્રિય નથી. એક વખત હું સખ્ત પીડાથી પીડાતો હતો, અલ્લાહ તરફથી મારા મનમાં એવી આજ્ઞા મળી (ઈલ્હામ થયો) કે નારંગી ખાઉં. મેં નારંગી મંગાવીને ખાધી, તેના કારણે ખુદાએ મને પીડામાંથી મુક્ત કરી દીધો."





# આપણા શીઆઓના અકીદાઓ

આપણા શીઆઓનો એવો અકીદો (શ્રધ્ધા) છે કે જે વ્યક્તિ અલ્લાહની આજ્ઞાઓનું પાલન કરે, તેની આજ્ઞાઓનો પ્રસાર કરે, અને પોતાના જીવનના દરેક પાસામાં અલ્લાહના કાનુનો ઉપર અમલ કરે તે મોક્ષ પ્રાપ્ત કરેલો અને સફળ વ્યક્તિ છે, અને તે જ પ્રશંસાને પાત્ર છે અને જેણે અલ્લાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું હોય તે વ્યક્તિ નિંદાને પાત્ર - નષ્ટ થવાને લાયક અને નુકશાન વેઠનારાઓ પૈકીનો છે.

શીઆ એવી શ્રધ્ધા ધરાવે છે કે સવાબ અને અઝાબ કયામતના દિવસે જ આપવામાં આવશે કે જે દિવસે હિસાબ-કિતાબ-ત્રાજવું જન્નત-દોઝખ બધાંની દૃષ્ટી સમક્ષ હશે અને આ બધું કબર અને બરઝખના તબક્કાઓ પછી થશે.

આપણે શીઆઓ એવી શ્રધ્ધા રાખીએ છીએ કે અંબિયા અને પયગમ્બરોમાંથી સૌથી અંતિમ નબી અને સર્વશ્રેષ્ઠ નબી હઝરત મુહમ્મદ સ.અ.વ. બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ છે. (શીઆ) ઈમામિયાઓ એ આ વાતને સ્વીકારીને અપનાવી છે કે તેઓ જ્યારે પયગમ્બર સ.અ.વ.ને યાદ કરે છે, ત્યારે દુરૂદ અને






સલામ કરતી વખતે તેમની આલને પણ યાદ કરીને તેમાં સામેલ કરે છે. કેમકે આ બાબતનો આદેશ સ્વયં પયગમ્બર સ.અ.વ.એ આપ્યો છે. અને આ વાતનો ઉલ્લેખ સહાએ સિત્તા (અહેલસુન્નત-વલ-જમાઅતના માન્યતા પ્રાપ્ત હદીસના છ પુસ્તકો)ના કેટલાક પુસ્તકો અને અન્ય પુસ્તકોમાં છે જ.

અને જેમને (હઝરત રસુલે ખુદા સ.અ.વ.ને) ખુદાવન્દે તબારક-વ-તઆલાએ દરેક ક્ષતિ અને દરેક ભૂલચુકથી સુરક્ષિત રાખ્યા છે, અને તેમને સગીરા અને કબીરા (નાના-મોટા-તમામ) ગુનાહોથી તેમને માઅસૂમ બનાવ્યા છે. પછી તે આપનું બઅસત (નબીએ પોતાની નબુવ્વતની ઘોષણા કરી તે દિવસ) પહેલાનું જીવન હોય કે બઅસત પછીનું-ઈસ્લામના પ્રચારનો કોઈ પ્રસંગ હોય કે ઈસ્લામના પ્રચાર સિવાયની કોઈ સમસ્યા હોય, અને તેમના ઉપર કુરઆને કરીમ નાઝિલ કર્યું જેથી કરીને તે (કુરઆનની આજ્ઞાઓ) મનુષ્યના જીવનકાળના દરેક પાસા માટે એક કાયમી બંધારણ (કાયદો) બની જાય.

આમ રસૂલે ઈસ્લામ સ.અ.વ.એ રિસાલતનો (ઈસ્લામનો / ખુદાની આજ્ઞાઓનો ) પ્રચાર-પ્રસાર કર્યો અને સંપુર્ણ સચ્ચાઈ અને નિઃસ્વાર્થ ભાવના સાથે લોકો સુધી આ થાપણને પહોંચાડી છે.




(ક્રમશઃ)

# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન : શું ઈસ્લામમાં દરેક સમયે દુઆ કરતા રહેવાનો હુકમ છે, જેવી રીતે દરેક પ્રસંગ અને સમય માટેની દુઆઓ વર્ણવવામાં આવી છે તે રીતે ?**

**જવાબ :** જો કે “મફાતીહુલ જિનાન” જેવા દુઆઓના પુસ્તકોમાં દરેક દિવસની અને દરેક સમયે કરવાની દુઆઓ વર્ણવવામાં આવેલી છે. પરંતુ આ બિલકુલ એવી રીતે જ છે કે તમારે અમુક જગ્યાએ જવા માટે પ્રવાસ કરવાનો થયો હોય અને તમો રેલ્વે સ્ટેશન અથવા બસ સ્ટેશન ઉપર જાવ અને ત્યાં તમને જાણકારી મળે કે તમે જ્યાં જવા માંગો છો. ત્યાં જવા માટે દર કલાકે બસ અથવા ટ્રેઈન મળી શકે તેમછે. ૯ વાગે પણ છે ૧૦ વાગે પણ છે. ૧૧ વાગે પણ છે એટલે કે રાત દિવસના દર કલાકે આ સુવિધા ઉપલબ્ધ છે. તો એનો અર્થ એવો ન થાય કે બધાં જ મુસાફરો દર કલાકે દરેક ટ્રેન કે બસમાં પ્રવાસ કરશે. પરંતુ એનો અર્થ એ થાય છે કે તમારી અનુકુળતા હોય તે સમયે તમને ટ્રેન/બસની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તેમ છે. તેથી પોતાની અનુકુળતા પ્રમાણે પ્રવાસ કરીને પોતાના ઈચ્છિત સ્થાને પહોંચી શકો છો.

દુઆઓમાં પણ આ પ્રમાણેનીજ સુવિધા રાખવામાં આવી છે. દરેક સમયની દુઆઓ છે. એનો અર્થ એવો ન થાય કે આપ રાત-દિવસ દરેક સમયે દુઆઓ કરતાં જ રહો. પરંતુ એનો અર્થ એવો થાય કે દુઆ પઢવા માટેની આપને જ્યારે અનુકુળતા હોય તે સમયે પઢવાની દુઆઓ મોજુદ છે. આ ઉપરાંત કેટલીક ટુંકી-ટુંકી દુઆઓ પણ છે જે સરળતાથી યાદ-મોઢે કરી લઈ શકાય તેમ છે. અને આપ આ દુઆઓને પોતાના કામના સમયે (કામ કરતાં કરતાં) પણ પઢી શકો છો.



# જનાબ ફાતેમા ઝહરા સલા.એ વકફ કરેલ મિલ્કતો

સૈયદ મોહસિન અમીને લખ્યું છે કે "જનાબ ફાતેમા ઝહરા સલા.ના સાત બગીચા હતાં. જે આપે બની હાશિમ અને બની અબ્દુલ મુત્તલિબ માટે વકફ કરી દઈને ઈમામ અલી અ.સ.ને. તેના રક્ષક અને વહીવટકર્તા નિયુક્ત કર્યા હતાં અને ઈમામ અલી અ.સ. પછી હઝરત ઈમામ હસન અ.સ. તે પછી હઝરત ઈમામ હુસૈન અ.સ. અને તે પછી આપની ઔલાદમાંથી જે વડીલ હોય તે આ વકફ મિલકતોના સંરક્ષક અને વહીવટકર્તા રહ્યા હતાં.

સકતુલ-ઈસ્લામ કલૈની રહ.એ ઈમામ બાકિર અ.સ. અને ઈમામ સાદિક અ.સ.થી રિવાયત નકલ કરેલ છે કે જનાબ ફાતેમા ઝહરા સલા.એ જે સાત બગીચાઓ વકફ કર્યા હતાં તે આ પ્રમાણે હતાં. અલઅવાન અદ્દુલાલ અલબરકાહ – અલમુશબ્બબ – અલહુસના અસ્સાફીયા અને માલામે – ઈબ્રાહીમ" (આઅલામુન્નિસા – અયયાનુશ્શીઆ – ૨/૪૮૮ અને અલકાફી – ૭/૪૮)



E-mail : hadimasik@yahoo.com



# અહલેબૈત અને કદરદાની (ગુણજ્ઞતા)

માતા-પિતા-મિત્રો-વૈદ્ય-ડોકટર-મહેરબાન-વિદ્વાન અને આપણને ખપ લાગે તેવી દરેક વ્યક્તિની કદર કરવી તે દરેક મનુષ્યનું કર્તવ્ય હોય છે પછી તે કદર મૌખિક રીતે અને દેખીતી રીતે કરવામાં આવે કે પરોક્ષ રીતે.

કોઈની કદર કરવાનો સૌથી કનિષ્ટ દરજ્જો એ છે કે આપણને મદદ કરનાર દરેક વ્યક્તિ સાથે ખુબ જ પ્રેમભાવ સાથે વર્તાવ કરવામાં આવે અને સૌથી શ્રેષ્ઠ કદરદાની એ છે કે તે વ્યક્તિએ આપના માટે જે સદ્કાર્ય કર્યું હોય તેની કદર કરીને આપ પણ તેના માટે એવા જ અનેક સદ્કાર્ય કરો.



મા-બાપ અને ગુરૂના ગુણાનુ-વાદનની ખુબ જ તાકીદ કરવામાં આવી છે અને એટલે સુધી કહેવામાં આવ્યું છે કે જે કોઈના માટે ખાસ કરીને માતા-પિતા માટે આભાર વ્યક્ત નથી કરી શકતો તે ખુદાની બાબતમાં પણ આભાર પ્રગટ કરી શકતો નથી. (આસારૂલ-સાદેકીન ભા-૯-પા.નં. ૪૬૫-બિહાર-ભા.૭૪ પા.નં.૬૮)



E-mail : hadimasik@yahoo.com




અને ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે "જેણે તમને કોઈ નેઅમત આપી હોય (તે સંજોગોમાં) તમારું કર્તવ્ય થાય છે કે તમો પણ તેના માટે આભારની અભિવ્યક્તિ (કદરદાની) કરો (તોહફુલ ઉકૂલ-પા.નં.૪૧૬)

આ ગુણજ્ઞતા અને આભારની અભિવ્યક્તિને ઈસ્લામમાં ખુબ મહત્વ આપવામાં આવ્યું છે. કુરઆન અને અઈમ્માએ કિરામ અ.સ.ની શિખામણોમાં કદરદાનીની બાબતે ઘણી રીતે તાકીદ કરવામાં આવી છે. અને બીજાઓની કદરદાની કરવાની બાબતે અઈમ્મા અ.સ.નો વર્તાવ ખુબ જ પ્રશંસનીય અને ધ્યાનાકર્ષક રહ્યો છે.

**દ્દષ્ટાંત :** એક વખત એક અંધ ખ્રિસ્તી વ્યક્તિ ઈમામ અલી અ.સ.ની સેવામાં હાજર થયો અને પોતાની સહાયતા કરવા વિનંતી કરી. ત્યાં હાજર લોકોએ કહ્યું, "આ વ્યક્તિ મદદ કરવા લાયક નથી." ઈમામ અલી અ.સ.એ. જાણકારી મેળવી તો જાણવા મળ્યું કે આ વ્યક્તિ જ્યારે સશક્ત હતો ત્યારે મુસલમાનોના કામમાં આવતો હતો. આ માહિતી મેળવ્યા પછી ઈમામ અ.સ.એ. ફર્માવ્યું "આશ્ચર્યની વાત છે કે જ્યાં સુધી આ વ્યક્તિ કામકાજ કરવા જેટલી શક્તિ ધરાવતો હતો ત્યાં સુધી તો તમે તેના પાસે કામ કરાવ્યા અને હવે



જ્યારે તે વૃધ્ધ થઈ ગયો છે ત્યારે તમો તેને તેની આવી પરિસ્થિતીમાં તજી દેવા માંગો છો ?"



તે પછી ઈમામ અ.સ.એ. તેના કાર્યોની કદર કરીને બયતુલમાલમાંથી તેની સહાયતા કરવા માટે હુકમ કર્યો અને તેના ભરણ-પોષણ માટે માસિક રકમ પણ બાંધી આપી. (તેહઝીબ-શૈખ તુસી-ભાગ-૬-પા.નં. ૨૯૨-હદીસ-૮૧૧)

**બીજું દ્દષ્ટાંત :** એક વખત ઈમામ હુસૈન અ.સ.ની. એક દાસીએ ફુલોની એક ડાળી ભેટ આપી. ઈમામ અ.સ.એ. તરત જ તે દાસીને રાહે ખુદામાં આઝાદ કરી દીધી. અનસ-બિન-માલીક ત્યાં હાજર હતાં. તેમણે અરજ કરી "મૌલા ! ફક્ત ફૂલોની એક ડાળીની આપે એટલી કદર કરી કે આપે તેને આઝાદ કરી દીધી ?" ઈમામ અ.સ.એ ફરમાવ્યું : ખુદાવન્દે આલમે અમને એવી જ રીતે પ્રશિક્ષીત કર્યા છે કે "જ્યારે કોઈ તમને કોઈ વસ્તુ ભેટ તરીકે આપે તો તમે પણ તેને તેનાથી સારી અથવા તો તેના જેવી જ વસ્તુ ભેટ તરીકે આપો"

(સૂરએ-નિસાઅ-આયત-૮૬) (બિહારૂલ અનવાર-ભાગ-૪૩ પા.નં. ૩૪૩)



# આર્ટ ગૅલૅરી

વહાલા બાળકો,
આપેલ ચિત્રને રંગ પુરીને
સુંદર બનાવો



# જુઓ અને સમજો




પરિશ્રમ એજ જીવન



જીવનનો અંત



સુહાના સફર



ચાંદ ઉપર જવાનો રસ્તો



E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**ઝહીરઅબ્બાસ ફિરોજઅલી પોપટીયા**, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




**અબ્બાસઅલી**, રાજુલા.



**લાખાણી અલીનવાઝ ગુલામ અબ્બાસ**, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



# તૌબા (પ્રશ્ચાતાપ) કરવાનું સુંદર પરિણામ

## સાચી તૌબા

એક વલીએ ખુદાના યુગમાં એક વ્યક્તિ ખુબ જ ગુનેહગાર હતી. તે પોતાના સમગ્ર જીવનમાં ગુનાહોમાં જ લિપ્ત રહ્યો હતો અને આખેરતની તેણે કદીયે કાંઈ પણ ચિંતા કરી જ નહોતી અને આખેરત માટે કાંઈ ભાથુ બાંધ્યું જ નહોતું.

નેક અને સદચારિત્રવાળા લોકો તેનાથી છેટે જ રહેતા હતાં અને તે પણ નેક અને સદ્ચારિત્રવાન લોકો સાથે કોઈ સંપર્ક રાખતો નહોતો. પોતાના જીવનના અંત ભાગમાં જ્યારે તેણે પોતાના જીવનકાળનું સરવૈયું કાઢયુ તો તેને આખેરતમાં બક્ષિસની આશાનું એકાદ કિરણ પણ દેખાયું નહીં. તેણે જોયું તો પોતાના કાર્યોના બગીચામાં તેને એકાદ ફુલ પણ દેખાયું નહીં. ત્યાં તો કાંટા જ કાંટા હતાં. આ આત્મનિરીક્ષણ કરીને તેણે એક નિસાસો નાંખ્યો અને તેના અંતઃકરણમાંથી પ્રશ્ચાતાપનું એક ઝરણું ફૂટી નિકળ્યું. તેની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેવા લાગી અને ખુદાની બારગાહમાં તૌબા અને પ્રશ્ચાતાપ કરીને કહેવા લાગ્યો.





E-mail : hadimasik@yahoo.com



યા મલ્લહુદદુનિયા - વલ આખેરાહ - ઈર્હિમ - મન લૈસાલહુદદુનિયા - વલ, આખેરાહ, (અર્થાત : હે એ કે આ જગત અને આખેરતનો માલિક છે, એવી વ્યક્તિ ઉપર દયા-કૃપા વરસાવ કે જેની પાસે ન તો આ જગત છે કે ન તો આખરેત.)

એના મૃત્યુ પછી નગરવાસીઓએ ખુશાલી મનાવી અને તેની લાશને નગરની બહાર કોઈ ખંડેરમાં નાંખી દઈને તેના ઉપર ઘાસ ઈત્યાદી નાંખી દીધાં.

તેજ વખતે એક વલીયે ખુદાને સ્વપ્નમાં આજ્ઞા થઈ કે તેને ગુસ્લ-કફન આપો અને સદ્ચારિત્રવાળા લોકોના કબ્રસ્તાનમાં દફન કરો.

તે વલીયે ખુદાએ (સ્વપ્નમાં જ) અરજ ગુજારી કે :- "હે બંને જગતના પાલનહાર ! તે તો એક જાણીતો ખ્યાતીપ્રાપ્ત ગુનેહગાર અને ખરાબ ચારિત્રવાળો વ્યક્તિ હતો. તે તેના કયા કાર્યને કારણે તારી દ્દષ્ટીએ આટલો પ્રિય થઈ ગયો અને તારી દયા-કૃપાને પાત્ર થઈ ગયો ?

જવાબ મળ્યો : જ્યારે તેણે આખેરતની પુંજીની બાબતમાં પોતાની જાતને દરીદ્ર જોઈ તો તેણે મારી બારગાહમાં રડી-રડીને યાચના કરી તેથી અમે તેને પોતાની દયા-કૃપાની છત્રછાયામાં લઈ લીધો.



એવો તો કયો દુઃખી છે કે જેના દુઃખ મેં દૂર ન કર્યા હોય, અને એવો તો કયો યાચક છે કે જેણે રડી-રડીને મારી બારગાહમાં યાચના કરી હોય અને જેની યાચના મેં પૂરી ન કરી હોય ?

(મિન્હજુસ્સાદેકીન-ભાગ-૮, પાન નં. ૧૧૦ - તૌબા આગોશે રહમત - પા.નં. ૧૫૪)

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




**ઝેબા ફાતેમા ઓન અલી (પારેખ)**
તા. ધોલકા જિ. અમદાવાદ.


A To Z કે ઉપર અમલ કરો:

A - અલ્લાહ સે ડરો. N - નમાઝ કાયમ કરો.
B - બિસ્મિલ્લાહ સે શરૂ કરો. O - ઔરત કી કદર કરો.
C - ચોરી મત કરો. P - પરદા કરો.
D - દીન સીખો. Q - કુરઆન પઢો.
E - એહસાન કરો. R - રોઝા રખો.
F - ફર્ઝ અદા કરો. S - શુક્રિયા અદા કરો.
G - ગુસ્સા મત કરો. T - તૌબા કરો.
H - હજ અદા કરો. U - ઉમ્મીદ રખો.
I - ઈબાદત કરો. V - વઝુ સે રહો.
J - જન્નત અલ્લાહ સે માંગો. W - વક્ત કી કદર કરો.
K - [illegible] X - એક્સ્ટ્રા નફીલ નમાઝ અદા કરો.
L - લાઈલાહા ઈલ્લલ્લાહ પઢો. Y - યકીન અલ્લાહ પર કરો.
M - મોહમ્મદુ રસૂલુલ્લાહ પઢો. Z - ઝિક્રે ઈલાહી કરો.

Name :- Panjwani Zaheer Abbas Rafiq Ali
Std :- VI-B
Address :- Raside Sadat Colony, Jafari School Road, Mahuva.

**પંજવાણી ઝહુરઅબ્બાસ રફીકઅલી.**
મહુવા.


વૈદિક ગણિત
રીત :~ ગુણાકાર માટે

ઉદા. (1) 31 × 25

a) 31 × 25 = 5 (5×1=5)
(b) 31 × 25 = 75 — (3×5)+(2×1)=17 દશાંક માં 7 અને વદી = 1
(c) 31 × 25 = 775 — 3×2 = 6 અને વદી = 1, 6+1 = જવાબ = 7

Name :- MOHAMMEHMEHDI . S. AJANI
DHAVDI CHOWK, MAHUVA.

**મોહમ્મદ હાદી એસ. અજાણી**
મહુવા.



**અમ્માર ફિરોજ હિરવાણી**
ભાવનગર.




## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.







## HADI MASIK

**Publishers : Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**
Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079-25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com   Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*